વિષય:- ગુજરાતી ધોરણ:-7 સત્ર-2

પાઠ – ૧૭ **સફળ યાત્રા** **25 marks**

**વિદ્યાર્થીનું નામ:-.............................................................................................**

**1. પ્રશ્નોના ઉત્તર લખો:** **6 marks**

**(1) ઉનાળો આકરો હતો એમ શા પરથી કહી શકાય?**

**ઉત્તર :**

**(2) યાત્રાળુઓ ગંગાજળ ચઢાવવા ક્યાં જાય છે?**

**ઉત્તર :**

**(3) યાત્રાળુઓ ગધેડાને કેવી હાલતમાં જુએ છે?**

**ઉત્તર :**

**(4) ગધેડાની હાલત જોઈને યાત્રીઓ શું બોલ્યા?**

**ઉત્તર :**

**(5) તમે પદયાત્રાનાં ક્યાં ક્યાં તીર્થસ્થાનો વિશે જાણો છો?**

**ઉત્તર :**

**2. આપેલ કાવ્યપંક્તિના અર્થ સામે ખરાં (V)ની નિશાની કરો :** **3 marks**

(1) 'અંગાર વરસાવતો આકરો ઉનાળો."

(અ) ઉનાળાનો સખત તાપ આગ વરસાવી રહ્યો છે.

(બ) ઉનાળાના બપોરે તીવ્ર પ્રકાશ ધરતી પર પડી રહ્યો છે.

(2) "અમીજળે આપ આવી, ખર ઊભો થયો."

(અ) મીઠા (અમૃત) જળથી ગધેડાને શક્તિ આવી, તે ઊભો થઈ ગયો.

(બ) ગંગાજળથી ગધેડાનું આયુષ્ય અને શક્તિ બંને વધ્યાં.

(3) "નેત્રજળે નવડાવીશ પ્રભુ રામેશ્વર."

(અ) નૈત્ર વડે સ્નાન કરતા પ્રભુ રામેશ્વરના દર્શન કરીશ.

(બ) આંખોનાં આંસુઓથી પ્રભુ રામેશ્વરની અભિષેક કરીશ.

**3. કાવ્યને આધારે નજીકનો અર્થ ધારો અને ગોળ કરો** **4 marks**

1. **અંગાર** - આંગળા અગ્નિ કોલસા

૨. પથ - રસ્તો દ્વાર પથારી

૩.આશિષ - નામ આશીર્વાદ પ્રાર્થના

4. અફળ - અકળ નિષ્ફળ ફોગટ

4, કૌંસમાં આપેલ શબ્દના અર્થ શબ્દાર્થમાંથી જાણો અને ખાલી જગ્યા પૂરો : 4 marks

(સર્વ, અસહ્ય, નાદ, બળ, ત્યાગીને)

(1)સમ્રાટ અશોક અને કલિંગ વચ્ચે પ્રચંડ યુદ્ધ ખેલાયું હતું જેમાં યુદ્ધનાં શસ્ત્રોનો.... અતિ ભયાનક હતો.

(2) રામના વનવાસના સમાચાર સાંભળીને નાનો ભાઈ ભરત .............. વેદના અનુભવે છે.

(3) નાનકડી છોકરી પોતાના ...........થી વાછરડાને મોતના મુખમાંથી બચાવે છે.

(4) સૈનિકો પોતાનો પરિવાર ................. સરહદ પર રાત- દિવસ દેશની રક્ષા કરે છે.

5. ઉદાહરણ મુજબ વર્ણોમાંથી શબ્દ શોધી અર્થપૂર્ણ વાક્ય બનાવો : 3 marks

ઉદાહરણ : મનાગાંધીનગરવરાજગુજરાતની ક્ષયકારાજધાની દચઝથછેન

ઉત્તર : ગાંધીનગર ગુજરાતની રાજધાની છે.

(1) પફમનેછજનચિત્રકચકદોરવાભદનચછગમૈછકરછેપચ

ઉત્તર: મને ચિત્ર દોરવા ગમે છે.

(2) હળક્ષતગંગાદપદજયવિગગધનનદીઢણતદછેઠપન.

ઉત્તર : ગંગા નદી છે.

(3) પંચત્રિરંગામાંછત્રણનદપરંગહહનંવહોયપપધ્ધછેકદહ.

ઉત્તર :

6.‘પાકી સમજદારી'શીર્ષકવાળી વાર્તા શરૂ કરી છે,તે વાંચો અને કલ્પના પ્રમાણે પૂર્ણ કરો. 5 marks

એક દોડસ્પર્ધા યોજાઈ હતી. નવ વિદ્યાર્થીઓ પ્રસ્થાનરેખા ઉપર ઊભા હતા. આ હરીફો માત્ર શારીરિક અશક્ત જ નહીં, થોડાક અંશે માનસિક દિવ્યાંગ પણ હતા. સિસોટીનો અવાજ અને દોડવાનો ઇશારો જોતા બધાંએ દોડવાનું શરૂ કર્યું. પ્રેક્ષકો તેમને નંબર મળે તે માટે ઝડપથી દોડવા પ્રોત્સાહિત કરી રહ્યા હતા. એ વખતે જે હરીફ સૌથી છેલ્લે હતો તેણે ઝડપ વધારી પણ લથડીને પડી ગયો. એ તો જોરજોરથી રડવા લાગ્યો ...

વાર્તા પૂર્ણ: